# પશ્ચિમ બંગાળમાં બીજા તબક્કાનું ૮૦.૪૩ ટકા મતદાન

## આસામમાં બીજા તબક્કામાં ૭૩ ટકા મતદાન નોંધાયું : નંદીગ્રામના કમલપુર નજીક ભાજપના ઉમેદવાદર શુભેંદુ અધિકારીના કાફલા પર હુમલો : ચૂંટણીના દિવસે રેલી કઈ રીતે કરી શકે છે મોદી?, મમતાએ નંદીગ્રામથી રાજ્યપાલને ફોન કરીને કહ્યું- ઇસી કાર્યવાહી નહીં કરે તો કોર્ટ જઈશ

ગુવાહાટી,તા.૧

પશ્ચિમ બંગાળ અને આસામની ૬૯ બેઠકો પર ગુરુવારે બીજા તબક્કાની ચૂંટણી માટે મતદાન થયું હતુ. ચૂંટણી પંચના જણાવ્યા મુજબ બપોરે ૫:૩૬ વાગ્યા સુધીમાં પશ્ચિમ બંગાળમાં ૮૦.૪૩% અને આસામમાં ૭૩.૦૩% મતદાન નોંધાયું છે. આ દરમિયાન નંદીગ્રામના એક મતદાન કેન્દ્ર પર ભારે હોબાળો થયો હતો. અહીંયા ટીએમસીના કાર્યકરોએ આરોપ હતા કે તેમને મતદાન કરવા માટે નથી જવા દેવામાં આવી રહ્યા.

મમતાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહ પર આરોપ લગાવ્યા છે. તેમણે કહ્યું કે વડાપ્રધાન મોદી ચૂંટણીના દિવસે બંગાળમાં ચૂંટણી પ્રચાર કઈ રીતે કરી શકે છે? મમતાએ આરોપ લગાવ્યા હતા કે અમિત શાહ સીધા જ કેન્દ્રથી મોકલવામાં આવેલા સુરક્ષકર્મીઓને આદેશ આપી રહ્યા છે. આ ચૂંટણી આચાર સંહિતાનું ઉલ્લંઘન છે.







આ દરમિયાન મુખ્યમંત્રી મમતા બેનર્જી અચાનક બોયા ગામના મતદાન કેન્દ્ર પર પહોંચ્યા હતા. મમતા વ્હીલચેર પર ત્યાં પહોંચ્યા હતા અને લોકો સાથે વાત પણ કરી હતી. મમતાએ કહ્યું કે ઉત્તર પ્રદેશ અને બિહારના લોકો વાતાવરણ ખરાબ કરી રહ્યા છે. બહારના ગુંડા મતદાનને પ્રભાવિત કરી રહ્યા છે. ચૂંટણી પંચને અનેક વખત ફરિયાદો કરવામાં આવી હતી, પરંતુ કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી. તેમણે રાજ્યપાલને આ મામલે દખલ કરવા વાત કરી હતી. તેમણે કહ્યું કે જો ચૂંટણી પંચ કાર્યવાહી નહીં કરે તો તે કોર્ટમાં જશે.

તૃણમૂલ કોંગ્રેસનાં રાજ્યસભા સાંસદ ડેરેક ઓ બ્રાયને ચૂંટણી પંચને પત્ર લખીને નંદીગ્રામ વિધાનસભા વિસ્તારમાં ભાજપના કાર્યકરો દ્વારા બૂથ કેપ્ચરિંગનો આરોપ લગાવ્યો હતો. તેમણે લખ્યું કે ભાજપના કાર્યકરોની ભારે ભીડ મતદાન કેન્દ્રમાં ઘૂસી ગઈ હતી. ભાજપના કાર્યકરો ઈવીએમમાં ચેડાં કરવાના અને બૂથ પર હોબાળો કરવાના પ્રયાસ કરી રહ્યા છે. જ્યારે, ભાજપે પણ અનેક જગ્યાએ આ જ પ્રકારના આરોપ તૃણમૂલના કાર્યકરો પર લગાવ્યા છે.

નંદીગ્રામના કમલપુર નજીક ભાજપના ઉમેદવાદ શુભેંદુ અધિકારીના કાફલા પર હુમલો કરવામાં આવ્યો છે. હુમલામાં મીડિયાના વાહનોને પણ નુકશાન પહોંચ્યું છે. શુભેંદુએ આરોપ લગાવ્યા છે કે આ પાકિસ્તાનીઓનું કામ છે. જય બાંગ્લા બાંગ્લાદેશનો નારો છે. આ દરમિયાન, પશ્ચિમ મેદિનીપુરના કેશપુરમાં બૂથ નંબર ૧૭૩ પર તૃણમૂલ કોંગ્રેસના કાર્યકરો પર ભાજપના પોલિંગ એજન્ટને માર મારવાનો આરોપ લગાવવામાં આવી રહ્યો છે. પોલિંગ એજન્ટને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો છે.

# વિધાનસભામાં લવ જેહાદ કાયદાનું બિલ રજૂ

## ખોટું નામ બતાવીને હિન્દુ યુવતીઓ સાથે લગ્ન કરનારાઓની હવે ખેર નથી : નવા કાયદામાં માત્ર પીડિત નહીં પરિવાર પણ ફરિયાદ કરી શકશે, આ અમારો કોઈ રાજકીય એજન્ડા નથી આ અમારી વ્યથા છે, દીકરીઓને બચાવવાનો પ્રયાસ છે, લવજેહાદને કારણે હિંદુ દીકરીઓ આપઘાત કરવા મજબૂર બને છેઃ પ્રદીપસિંહ

ગાંધીનગર,તા.૧

ગુજરાત વિધાનસભામાં આજે ગૃહરાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ લવ જેહાદના કાયદાનું બિલ રજુ કર્યું હતું. જેને અયોગ્ય ઠેરવીને કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાએ આ બિલને ફાડી નાંખ્યું હતું. બિલ ફાડી નાંખતાં જ પ્રદિપસિંહ જાડેજાએ ખેડાવાલા વિરૂદ્ધ કડક કાર્યવાહી કરવાની માંગ કરી હતી.

ગુજરાત વિધાનસભામાં વિપક્ષના નેતા પરેશ ધાનાણીએ નિવેદન આપતાં કહ્યું હતું કે હું નખશીખ હિન્દુ છું અને હિન્દુ હોવાનું મને ગૌરવ છે. હિંદુ ધર્મમાં ૩૩ કરોડ દેવી દેવતાઓ છે. પરંતુ મુઠ્ઠી ભર લોકો અયોધ્યામાં તમે માથું નમાવો તો જ હિન્દુ હોવાનું સર્ટીફિકેટ વહેંચવા નીકળ્યા છે. અમને તેનો વિરોધ છે.



વિધાનસભામાં લવ જેહાદ પર બોલતા પરેશ ધાનાણી મુખ્યમંત્રી સુધી પહોંચ્યા હતાં. ધાનાણીએ મુખ્યમંત્રીને અભિનંદન આપતાં કહ્યું હતું કે, એ સમયે એમણે ધર્મના વાડા તોડી લગ્ન કર્યા હતાં. ત્યારે ભુપેન્દ્રસિંહે મુખ્યમંત્રીના ઉલ્લેખ સામે વાંધો ઉઠાવ્યો હતો. વિધેયકમાં લવ જેહાદ શબ્દનો ઉલ્લેખ નથી. ૨૦૦૩માં તમે ધર્મ સ્વતંત્રતા વિધેયક લાવ્યા હતાં. આજે ફરી લાવ્યા છો. ૧૭ વર્ષમાં તમે આવી ઘટનાઓ રોકી શક્યા નથી. પ્રેમના સીમાડા નથી હોતા, પ્રેમ સાથે છેડછાડ કરનારનો વિનાશ થાય છે. એમ પરેશ ધાનાણીએ કહ્યું હતું.

ગુજરાત વિધાનસભામા વર્ષ ૨૦૦૩ના ધર્મ સ્વાતંત્ર્ય અધિનિયમમા સુધારા વિધેયક રજૂ કરતા પ્રદીપસિંહ જાડેજા એક કલાક અને અગીયાર મિનિટ બોલ્યા છે. એમણે "લવજેહાદ"ની વિસ્તારથી વ્યાખ્યા પણ બાંધી છે. આવા કાયદાઓ વિશ્વના બીજા દેશો અને ભારતના કેટલાક રાજ્યોમા અસ્તિત્વ ધરાવતા હોવાનુ પણ તેમણે કહ્યુ છે.

પ્રદિપસિંહ જાડેજાએ ગૃહમાં બિલ રજૂ કરતા સમયે જણાવ્યું કે, હિન્દૂ સમાજ દીકરીને કાળજાના કટકા સમાન ગણે છે. દીકરી એ આપણું અંગ છે, દીકરીને પારકી થાપણ કહેવાય પણ દીકરીને જેહાદી હાથોમાં ના જવા દેવાય. દીકરીને કસાઈઓના હાથમાં જતી બચાવવા માટે અમે કાયદો લાવ્યા છીએ. સમાજ દ્વારા જુદી જુદી રજૂઆતોને આધારે આજે આ બિલ લાવવામાં આવશે. હિન્દુ યુવતીઓને લવ જેહાદના નામે ધર્માંતર કરાવીને, તેમની સાથે લગ્નગ્રંથિથી જોડાઈને અનેક દીકરીઓના જીવન નર્ક બનાવી નાંખવાની માનસિકતાવાળા આ જેહાદી તત્વોની સામે સખતાઈથી અને કડકાઈથી કામ કરવાનું રાજ્ય સરકારે નક્કી કર્યું છે. જે અંતર્ગત ખોટું નામ કહીને હિન્દુ યુવતીઓ સાથે લગ્ન કરનારાઓની હવે ખેર નથી.

આજનું ધર્માંતરણ એ આવતી કાલનું રાષ્ટ્રંતરણ છે. જેને અટકાવવા માટે અમે આ કાયદો લાવી રહ્યાં છીએ. યુવક નાડાછડી પહેરીને આવે જેથી યુવતીને હિન્દુ લાગે છે, હિન્દુ નામ ધારણ કરીને હિન્દુ ધર્મમાં માનતો હોવાનું પ્રસ્થાપિત કરે છે. ધર્મ પરિવર્તન કરાવવાનો યુવકનો આશય છે. ધર્મ પરિવર્તન બાદ યુવતીને પાછા ફરવાનો કોઈ રસ્તો મળતો નથી હોતો, જેથી ઘણી યુવતીઓ આત્મહત્યા પણ કરે છે. કેરળમાં ચર્ચના રિપોર્ટને ટાંકીને પ્રદિપસિંહ જાડેજાએ કહ્યું ધર્માંતરણ બાદ યુવતીઓનો જેહાદી અને આતંકી પ્રવૃતિઓમાં પણ ઉપયોગ થઈ રહ્યો છે.

## સમાચાર રફ્તાર

- પાકિસ્તાન કેબીનેટે ભારતમાંથી ખાંડ આયાત કરવાની દરખાસ્તને ના મંજૂર કરી.
- ગુજરાતમાં વિમાન મારફતે પ્રવેશવામાં પણ આરટીપીસીઆર નેગેટીવ ફરજિયાત.
- માર્ચ મહિનાનું જીએસટી કલેક્શન ૧.૨૩ લાખ કરોડો પહોંચ્યુ.
- જાણીતા અભિનેત્રી અને પૂર્વ સાંસદ કિરણ ખેરને કેન્સરનું નિદાન થતા બ્રીચકેન્ડી હોસ્પિટલમાં દાખલ કર્યા.
- દક્ષિણ ભારતના જાણીતા અભિનેતા રજનીકાંતને દાદા સાહેબ ફાળકે એવોર્ડ.
- નાની બચત પરના વ્યાજના ઘટાડાનો નિર્ણય ભારત સરકારે રદ કર્યો.
- સુરતના અડાજણ અક્ષર પુરુષોત્તમ મંદિરમાં એક સાથે ૧૦ સંતો કોરોનાથી સંક્રમિત.
- હજીરાથી દીવ ક્રુજ મારફતે આવેલી મહિલા કોરોના સંક્રમિત થતા હોસ્પિટલ ખસેડાઈ.
- ડીએમકેના નેતા એ. રાજાના ચૂંટણી પ્રચાર પર ચૂંટણી પંચે ૪૮ કલાકનો પ્રતિબંધ મુક્યો.
- જાણીતા સિંગર બપ્પી લહેરી કોરોનાથી સંક્રમિત થતાં હોસ્પિટલમાં દાખલ કરાયા.
- વડોદરાની એચએસજી હોસ્પિટલના પીડીયાટ્રીક વોર્ડમાં આઠ બાળકો કોરોનાથી સંક્રમિત.
- પૂર્વ મંત્રી દિનશા પટેલ કોરોનાથી સંક્રમિત થતા અમદાવાદ હોસ્પિટલમાં દાખલ કરાયા.
- હરીદ્વારમાં મહાકુંભનો શુભારંભ, ૬૦ વર્ષથી વધુ ઉંમરના વડીલોને પ્રવેશ નહી.

# મોડાસા નગરપાલિકાની વિવિધ સમિતિઓની રચના જાહેર, તમામ સમાજને ન્યાય આપવાનો પ્રયાસ

## કારોબારી સમિતિ ભગવતીબેન પટેલ, કારોબારી સમિતિ રોહીત પટેલ ટાઉન પ્લાનિંગ, આશિષ ચૌધરી બાંધકામ સમિતિ ચેરમેન







બાયડ તા.૦૧

મોડાસા નગરપાલિકાની સામાન્ય ચૂંટણીમાં ભાજપનો ભગવો લહેરાયા પછી ગત રોજ પાલિકા પ્રમુખ જલ્પાબેન ભાવસારની અધ્યક્ષતામાં બજેટ માટે સામાન્ય સભા બોલાવવામાં આવી હતી જેમાં વિવિધ સમિતિની રચના જાહેર થઈ છે. કારોબારી સમિતિના ચેરમેન ભગવતીબેન સમર્થભાઈ પટેલ, ટાઉન પ્લાનિંગ સમિતિ ચેરમેન રોહીત ગોવિંદભાઈ પટેલ, જાહેર બાંધકામ સમિતિ ચેરમેન આશિષભાઈ ચૌધરીની નિયુક્તિ કરવામાં આવી છે. વર્ષ-૨૦૨૨માં યોજાનારી વિધાનસભાની સામાન્ય ચૂંટણીને ધ્યાને રાખી તમામ સમાજને સમિતિઓમાં સ્થાન આપવામાં આવ્યાનું પણ જાણવા મળ્યું છે.

ગત ફેબ્રુઆરી મહિનામાં અરવલ્લી જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને

### વિવિધ સમિતિઓના ચેરમેન

| | |
|---|---|
| કારોબારી સમિતિ | ભગવતીબેન સમર્થભાઈ પટેલ |
| ટાઉન પ્લાનિંગ | રોહીતકુમાર ગોવિંદભાઈ પટેલ |
| વ્યવસાય વેરા સમિતિ | મનિષાબેન હરેશભાઈ સગર |
| જાહેર બાંધકામ સમિતિ | આશિષ મનુભાઈ ચૌધરી |
| આરોગ્ય સમિતિ | અતુલભાઈ દયાશંકર જોષી |
| વેરા વસુલાત સમિતિ | પ્રિયંકકુમાર પરસોત્તમભાઈ પટેલ |
| ફાયર-એમ્બ્યુલન્સ બસ સમિતિ | શિલ્પાબેન બાબુભાઈ પ્રજાપતિ |
| વાહન વ્યવહાર સમિતિ | હરેશકુમાર કનુભાઈ ભોઈ |
| રમત-ગમત-ઉત્સવ સમિતિ | મોહનભાઈ સવાભાઈ સલાટ |
| એન.યુ.એલ.એમ.સમિતિ | કાજલબેન લાલાભાઈ ખાંટ |
| પ્રધાનમંત્રી આવાસ યોજના સમિતિ | આશાબેન ધુળાભાઈ ખાંટ |
| એસ્ટાબ્લિસમેન્ટ કમીટી | જલ્પાબેન મેહૂલભાઈ ભાવસાર |
| દિવાબત્તી સમિતિ | વર્ષાબેન મિનેષભાઈ જોષી |
| ગટર વ્યવસ્થા સમિતિ | મનોજભાઈ ચંદુભાઈ રાઠોડ |
| સમાજ કલ્યાણ સમિતિ | વર્ષાબેન રાજુભાઈ રાઠોડ |
| પાણી પુરવઠા સમિતિ | નિરજકુમાર બિપીનચંદ્ર શેઠ |
| બગીચા સમિતિ | શિલ્પાબેન સંજયકુમાર કડીયા |
| ગુમાસ્તાધારા સમિતિ | મેઘાબેન દેવલભાઈ ત્રિવેદી |
| પક્ષના નેતા | અતુલભાઈ દયાશંકર જોષી |
| દંડક | રોહીતકુમાર ગોવિંદભાઈ પટેલ |
| ટાઉન વેન્ડીંગ કમીટીના પ્રતિનિધિ | પ્રિયંકકુમાર પરસોત્તમભાઈ પટેલ |
| પસંદગી સમિતિના સદસ્ય | નિરજકુમાર બિપીનચંદ્ર શેઠ |
| ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ-મોડાસાના પ્રતિધિનિ | આશિષ મનુભાઈ ચૌધરી |

મોડાસા-બાયડ નગરપાલિકાની સામાન્ય ચૂંટણી યોજાઈ જેમાં ભાજપનું સ્ટીમ રોલર ફરી વળતાં તમામ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ ઉપર ભાજપનો ભગવો લહેરાયો હતો. મોડાસા પાલિકાના પ્રમુખ પદના જંગમાં અનેક દાવેદારો હતા છતાં ભાજપે મહિલા મોરચાના પ્રમુખ જલ્પાબેન ભાવસારને પ્રમુખ પદનો મેન્ડેટ આપી શાસનની ધુરા સોંપી છે.

ઉપપ્રમુખ તરીકે કેળવણીકાર ડૉ.રાકેશ મહેતાની નિયુક્તિ પછી કારોબારી સમિતિના ચેરમેન પદે કોણ તેને લઈને અનેક અટકળો હતી. ગત રોજ સામાન્ય સભામાં તમામ સમિતિઓના ચેરમેન અને સભ્યોની જાહેરાત કરવામાં આવી છે. પટેલ સમાજને પણ યોગ્ય સ્થાન મળે તેની ભાજપ સંગઠને તકેદારી રાખી હતી.

# મોડાસામાં અકસ્માત ઝોન સહયોગ ચોકડી ઉપર પ્રમુખ સ્વામી સર્કલનું ભૂમિપૂજન

વડાગામ, બાયડ તા.૦૧

મોડાસાની સહયોગ ચોકડી અકસ્માતનું એ.પી. સેન્ટર બની ગયું છે. અનેક નિર્દોષ વાહન ચાલકોની જીંદગી જોખમમાં મૂકાઈ છે. તાજેતરમાં જ મહિસાગરની પરણિતા પિતાને મળવા માટે મોડાસા આવી. ત્યારે એક્ટીવાને ટ્રકચાલકે હડફેટમાં લઈ મોતને ઘાટ ઉતાર્યા પછી સમગ્ર શહેરમાં મોટા વાહન ચાલકો સામે રોષ પ્રગટ્યો હતો. તા.૧ એપ્રિલના રોજ મોડાસા શહેરના અકસ્માત ઝોન તરીકે કુખ્યાત બનેલા સહયોગ ચોકડી પાસે સર્કલ બનાવવાની માંગ બુલંદ બની હતી. સ્થાનિક તંત્ર ગંભીર ન હતું છેવટે બી.એ.પી. એસ. ના મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી અકસ્માત નિવારવા માટેનું પ્રમુખ સ્વામી સર્કલ ઉભું કરવાનો નિર્ણય કરી તા.૧ એપ્રિલના રોજ ખાતમુહર્ત બી.એ.પી.એસ. સંસ્થાના સંતો, જિલ્લા સમાહર્તા, જિલ્લા ભાજપ સંગઠનના પદાધિકારીઓ તેમજ મોડાસા પાલિકા પ્રમુખ જલ્પાબેન ભાવસારની ઉપસ્થિતિમાં યોજાઈ ગયું.

# શહેરમાં કોરોના પોઝીટીવ ૭ મૃતકોની અંતિમવિધી કરાઈ

## સિવિલમાં ૧૮૭ દર્દીઓ, ૫૦ શંકાસ્પદ, ૪૦ ઓકિસજન, બાયપેપ અને વેન્ટીલેટર પર સારવાર હેઠળ, કોવીડ ઓપીડીમાં દર્દીઓનો ધસારો

ગાંધીનગર, તા.૧

સમગ્ર રાજયમાં કોવીડના દર્દીઓની સંખ્યાનો આંકડો ચિંતાજનક રીતે વધી રહ્યો છે. ત્યારે રાજયમાં ગુરુવારના રોજ કોરોના કેસની સંખ્યા ૨૪૧૦ થઈ ગઈ છે. જેથી નાગરીકોમાં પણ ડર જોવા મળી રહ્યો છે. વધતા જતા કોરોના કેસને કાબુમાં કરવા કેટલાક શહેરમાં રાત્રી કર્ફયુ પણ લગાવી દેવાયો છે. તેમ છતા કોરોના કેસ કુદકે ને ભુસકે વધી રહ્યા છે. ત્યારે રાજયના પાટનગરમાં પણ કોરોના ૫૦ થી વધુ કેસ નોંધાયા છે. જયારે ગાંધીનગર કોવીડ હોસ્પિટલમાં ૧૮૭ દર્દીઓ સારવાર હેઠળ છે. જેમાં ૫૦ શંકાસ્પદ દર્દીઓ છે તો બીજીતરફ ૪૦ જેટલા દર્દીઓ ઓકિસજન, બાયપેપ અને વેન્ટીલેટર પર સારવાર લઈ રહ્યા છે. જયારે ગાંધીનગર શહેરની હોસ્પિટલમાં એપ્રિલ મહિનાની પહેલી તારીખે જ ૭ કોરોના દર્દીઓએ અંતિમ શ્વાસ લીધા હતા. સેકટર-૩૦ મુકિતધામ ખાતે ૬ કોરોના પોઝીટીવ મૃતકોના અગ્નિસંસ્કાર કરાયા છે. જયારે સરગાસણ રૂદ્રભુમિ ખાતે એક કોવીડ દર્દીને અંતિમવીધી કરાઈ હતી. ત્યારે ગાંધીનગર કોવીડ હોસ્પિટલમાં હાલના સમયે પણ કોરોના સંક્રમણના દર્દીઓમાં વધારો થતા ૬ માળ સુધી દર્દીઓને સારવાર માટે રાખવામાં આવ્યા છે. ત્યારે કોરોના ઓપીડી સવાર થી સાંજ સુધી દર્દીઓનો ધસારો જોવા મળે છે. ત્યારે કોવીડના કેસ વધતા સિવિલ તંત્ર દ્વારા પણ ખાસ અલાયદા સ્ટાફ સહિતની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. જયારે શહેરમાં કોરોનાના ટેસ્ટની સંખ્યા પણ વધુ જોવા મળે છે.

# ધાનેરા માર્કેટયાર્ડમાં ચેરમેન અને વાઈસ ચેરમેનની ચૂંટણી યોજાઈ

બનાસકાંઠા જિલ્લાના ધાનેરા માર્કેટ યાર્ડની આજે ચેરમેન અને વાઈસ ચેરમેનની ચૂંટણી યોજાઈ હતી આ ચૂંટણીમાં ચેરમેન તરીકે દજાભાઈ પટેલ અને ભૂરાભાઈ પટેલે ઉમેદવારી નોંધાવી હતી.જેમાં દજાભાઈ પટેલ ને ચાર મત મળ્યા હતા જ્યારે ભૂરાભાઈ પટેલને ૧૫ મળતા માર્કેટયાર્ડના ચેરમેન તરીકે ભૂરાભાઈ પટેલ નો વિજય થયો છે તો બીજી તરફ વાઈસ ચેરમેન તરીકે માનસિંહ વાઘેલા બિનહરીફ રીતે વિજય થયા હતા અને ધાનેરા માર્કેટયાર્ડમાં વર્તમાન ચેરમેન નો દબદબો ફરીથી યથાવત જોવા મળ્યો હતો.

સરમાઉન્ટ હોસ્પિટલ
SURMOUNT HOSPITAL
પ્લોટ નં.R-૧૬, ડી-માર્ટની પાછળ, ગ્રીનસીટી, સેકટર-૨૬, ગાંધીનગર.
મો. ૮૪૬૯૮૮૦૫૫૦, ૯૬૨૪૪૦૧૯૯૯
ગર્વમેન્ટ માન્ય કોવિડ સેન્ટર
EMERGENCY 24 HOURS SERVICES
હોમકેર પેકેજ
- દરરોજ કોવિડ સ્પેશ્યાલિસ્ટ એમ.ડી. ફીજીશીયનની એક વિઝીટ
- કોવિડ કેર કીટ જેમાં ઓક્સિજન માત્રા ચેક કરવા માટે પલ્સ ઓકસી મીટર, થર્મોમીટર, સ્ટીમ ઈન્હેલર (નાસ લેવા માટે), N-95 માસ્ક, હેન્ડ સેનેટાઈઝર
- ઈમરજન્સી સારવાર 24 x 7 વિડીયો કોલીંગ મારફતે અને જરૂર પડે તો ઘરે પણ
- જરૂર પડે તો કોવિડ હોસ્પિટલમાં દાખલ થવા સુધીની સગવડ
- કોવિડ માટેના મોઘા ઈન્જેકશન Remdesivir ઘરે આપવાની સુવિધા
- 7 દિવસનું પેકેજ ઉપલબ્ધ • સીટી સ્કેન કરાવવા માટે એમ્બ્યુલન્સની સુવિધા
- ઘર બેઠા બ્લડ રીપોર્ટ • કોરોનાને લગતી તમામ દવાઓ • સંપૂર્ણ 7 દિવસનું પેકેજ
*T&C

# કોરોના બેકાબુ

**● અનુસંધાન પહેલાનું ચાલુ**

સુધીમાં ટેસ્ટ માટે લેવાયેલા સેમ્પલનો કુલ આંકડો ૨૪,૪૭,૯૮,૬૨૧ થાય છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે જણાવ્યા પ્રમાણે કુલ ૬,૫૧,૧૭,૮૯૬ લોકોને અત્યાર સુધીમાં કોરોનાની રસીના ડોઝ આપવામાં આવ્યા છે, આજથી દેશમાં ૪૫ વર્ષથી મોટી ઉંમરના કે જેઓ ગંભીર બીમારીથી નથી પીડાતા તેમને પણ રસી આપવામાં આવશે.

ભારતમાં ૧૬ જાન્યુઆરીએ કોરોના વાયરસની રસી આપવા માટેનું અભિયાન શરુ કરવામાં આવ્યું હતું. જેમાં સૌથી પહેલા હેલ્થકેર વર્કર્સ, પછી બીજા તબક્કામાં ૧ માર્ચથી શરુ થયેલા બીજા તબક્કામાં ૬૦ વર્ષથી ઉપરના અને ૪૫ વર્ષથી વધુના તથા ગંભીર બીમારીઓથી પીડિત લોકોને રસી આપવામાં આવી હતી.

દેશમાં કેટલાક ભાગોમાં કોરોનાના કેસમાં ઉછાળો નોંધાયો છે, જે અંગે મંગળવારે કેન્દ્ર સરકાર દ્વારા સ્થિતિને કાબૂમાં લેવા માટે તથા દરેકને કે જેઓ ૪૫ વર્ષથી વધુ ઉંમરના છે તેમના સુધી રસી પહોંચાડવાની વાત કરી છે.

કોરોનાનો પ્રકોપ સૌથી વધુ મહારાષ્ટ્રમાં જોવા મળી રહ્યો છે. સ્વાસ્થ્ય વિભાગ તરફથી જાહેર કરાયેલા આંકડા પ્રમાણે રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૩૯૫૪૪ નવા કેસ સામે આવ્યા છે અને આટલા સમયમાં ૨૨૭ દર્દીઓના મૃત્યુ થયા છે. સરકારી અધિકારીએ જણાવ્યું કે, ત્રણ દિવસ પહેલા (૨૮ માર્ચે) મહારાષ્ટ્રમાં કોવિડ-૧૯ના ૪૦૪૧૪ નવા કેસ સામે આવ્યા હતા જે અત્યાર સુધીનો એક દિવસનો સર્વાધિક આંકડો છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ